BAOU Education for All
NAAC A++
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ઈતિહાસના સોનેરી પાનાઓમાં સ્થાન ન પામેલી નાયિકા : 'હીર'

ડૉ. હેમંત પરમાર
આસિસ્ટન્ટ પ્રોફેસર,
ગુજરાતી વિભાગ,
ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા

ડૉ. રાજેશ વણકર પાસેથી 'માળો' નામનો વાર્તાસંગ્રહ, 'તરભેટો' નામનો કાવ્યસંગ્રહ, 'ગુજરાતી ટૂંકીવાર્તામાં પરિવેશની કાર્યસાધકતા' નામનું સંશોધનનું પુસ્તક તેમજ અન્ય વિવિધ સંપાદન અને વિવેચનનાં પુસ્તકો પ્રાપ્ત થાય છે. તાજેતરમાં જ તેમની પાસેથી 'હીર' નામની લઘુનવલ પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત લઘુનવલ નાયિકાપ્રધાન છે. આ નવલકથાનું કથાનક ૧૮૫૭ના વિપ્લવના સમયગાળાનું છે. આ વિપ્લવમાં અનેક નારીઓએ દેશને આઝાદી અપાવવામાં કે દેશની રક્ષાર્થે પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે. આવી અનેક નારીઓ કાળની ગર્તામાં કે પછી ઈતિહાસના સોનેરી પાનાઓમાં ક્યાંય સ્થાન પામી નથી.

'હીર' આવી જ એક કન્યારત્ન છે. એને ઈતિહાસના સોનેરી પાનાઓમાં ક્યાંય સ્થાન મળ્યું નથી. પણ, હીરબાઈએ એના મલકમાં, એના સમાજમાં, એના લોકમાં ખૂબ જ ચાહના મેળવી છે. કથાનકનો પ્રારંભ મેળાથી થાય છે. કથાની નાયિકા હીરબાઈના માનમાં આ મેળો ભરાયો છે. લોકો નાયિકાના સ્થાનકે જઈને બાંધા-આખડીઓ રાખે છે ને માતા હીરબાઈ એ પૂરી પણ કરે છે. સમગ્ર કથાનકમાં લેખક આંગળી પકડીને હીરબાઈના લોકજગતમાં પ્રવેશ કરાવે છે. આ રીતે લેખક હીરબાઈની કથાની માંડણી કરે છે.

લઘુનવલમાં જાંબુઘોડા અને શિવરાજપુરના ડુંગરાળ પ્રદેશનું કથાવસ્તુ છે. વનહકની લડાઈમાં એ સમયગાળામાં અંગ્રેજોનો સામનો કરનાર યુવતીનું કથાનક

પ્રસ્તુત લઘુનવલમાં આલેખાયું છે. ડુંગરોની નજીકમાં વાંકોડ નામનું એક ગામ છે. ગામ કહો કે ડુંગરાઓમાં છૂટા છવાયા ઘરોની વસ્તી ધરાવતો પ્રદેશ છે. આ ડુંગરાળ પ્રદેશની હીર નામની એક યુવતી ગોધરામાં અંગ્રેજોની સામે લડી ગામને, ડુંગરોને અને પોતાની પ્રજાને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરે છે. સાવ સાદી અને સરળ લાગતી આ કથામાં જુદા જુદા પ્રસંગો દ્વારા લેખકે એનું કલેવર ઘડ્યું છે. આદિવાસી સમાજના રીત-રિવાજો, માન્યતાઓ, ખાણી-પીણી, ઉત્સવો વગેરેનું આલેખન લેખકે રસાળ શૈલીમાં કર્યું છે.

'હીર' અસાધારણ વ્યક્તિત્વ ધરાવતી નાયિકા છે. સામાન્ય ગામડાની યુવતી છે. એના બાવડાં અને કાંડાંમાં પુરુષસમું બળ છે. બાપ-દાદા વખતથી તેના પૂર્વજોએ અંગ્રેજો સામે બાથ ભીડી છે. આ બાથ ભીડવાનું કામ યુવતી હોવા છતાં હીરના બાવડે આવે છે. અંગ્રેજોની નીતિ, શોષણ અને અન્યાય સામે ચૂપ બની બેસી રહેનારી આ નાયિકા નથી. હીર ઈંટનો જવાબ પત્થરથી આપવાવાળી યુવતી છે. હીરનું ચરિત્ર સમગ્ર કથામાં ઘવાયેલી વાઘણસમું ઉપસી આવ્યું છે. ઘવાયેલી વાઘણ જેમ વળતો પ્રહાર કરે તેમ હીર પણ સમજી વિચારીને અને એક ડગલું પાછળ ભરીને અંગ્રેજો સામે પ્રહાર કરે છે. હીર શાંત અને ધીર ગંભીર છે. અંગ્રેજોની ફૂટનીતિ અને મહેસૂલ ઊઘરાવવાની પદ્ધતિનો સૌ પ્રથમ વિરોધ કરે છે. હીરના પિતા અંગ્રેજોની ગોળીને કારણે મૃત્યુ પામ્યા હતા, તો દાદા બાહોશ હતા. હાથમાં કામઠી હોવા છતાં ચોરામાં જઈને કોઈ સિપાહીનું ગળું દબાવી દીધું હતું. દેશમાં તાત્યા ટોપે અને રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજો સામે મોરચો માંડ્યો હતો, એ જ સમયે હીરે અંગ્રેજો સામે બંદૂક તાણી. સમગ્ર લઘુનવલનું કથાવસ્તુ હીરના પાત્રની આસપાસ જ ફર્યા કરે છે.

'હીર' લઘુનવલના વિવિધ પ્રસંગો સર્જકની કલમે આલેખન પામ્યા છે. ભાનુવાળો પ્રસંગ હીરના ચરિત્રને ઉજાગર કરતો પ્રસંગ છે, વાત જાણે એમ હતી કે એક અંગ્રેજ સિપાહી ભાનુના શીલ પર હાથ નાખે છે. હીર આ જોઈ જાય છે ને હાથમાં દોરડું લઈને પેલા પર હુમલો કરે છે. ને એના હાથની રાયફલ હીરના હાથમાં આવી ચઢે છે. હીર પોતાના કાંડાના કૌવત વડે પેલા સિપાહીને ભગાડી મૂકે છે. બાપ દાદાની એજ ખુમારી હીરના લોહીમાં પણ પ્રાપ્ત થાય છે. આવા અનેક પ્રસંગો 'હીર' લઘુનવલને ઉપકારક નીવડે છે.

સમગ્ર લઘુનવલનો પરિવેશ આદિવાસીધરા પર આકારીત પામ્યો છે. એટલે આદિવાસી સંસ્કૃતિ, માન્યતાઓ, રીતિ-રિવાજો અને પ્રકૃતિને સર્જકે બખૂબી આલેખ્યા

છે. આરંભમાં જ હીરબાઈના સ્થાનકે જઈ તેની પ્રજા કોઈ સાજુમાંદુ હોય કે કોઈ જીવનનો પ્રશ્ન હોય, હીરબાઈને કહો એટલે એ પ્રશ્નનું સમાધાન થતું. વળી, ભૂવો બોલાવવો, બકરો ચઢાવવો જેવી વિવિધ માન્યતાઓ આ લઘુનવલમાં આલેખન પામી છે, જે સમગ્ર કથાનકમાં બળ પૂરું પાડે છે. તો ઢોલ વગાડી લોકોને ભેગા કરવાની આદિવાસી પરંપરાનું તેમજ કયા પ્રસંગે કયો ઢોલ વગાડવો તેનું રસપ્રદ આલેખન સર્જકે કર્યું છે. સાથે સાથે પૃથ્વીની ઉત્પત્તિની આદિવાસીઓમાં કેવી માન્યતાઓ છે તેનું વર્ણન રસપ્રદ કર્યું છે : 'હજુ કેટલાય ડોહા એમ માનતા, એમ કેતાય ખરા કે આ આખીય પૃથ્વી નહોતી ત્યારે એક મોટું ભૂગળુ હતું. એ ભૂંગળામાં ખીલ્યું એક ફુલ. એ ફુલને પાંદડે પરગટ થયો ભગત. એ ભગત બોલ્યો મંતર એ મંતરના પરતાપે જણને જણ્યો.... એમાંથી પ્રગટી આ પ્રથમી(પૃ.૧૭). તો ગલી ડોશી ઘણીવાર કેતી કે 'મારો જનમ જ ઝાડની બખોલમાં થયેલો, આ સૂરજદાદો આયો તાણની હું(પૃ.૧૬).'

'હીર' લઘુનવલમાં વર્ણનોનું આલેખન ચિત્રાત્મક ઢબે કર્યું છે. જેમ કે 'ગુજરાતમાં સૂરજ ઊગે એ તરફનો માનવી મૂળે જ કઠણ. છેક દાંતાથી ડાંગની ગિરિમાળાઓમાં લાખો લોકો અભાવો વચ્ચે જીવે, જંગલ, જમીન અને એના જળ સાથે જોડાયેલું જીવન અને મરણ, આ ડુંગરા ખાય, ડુંગરા જીવે, ડુંગરા જ મરે(પૃ. ૨૭). તો 'જાંબુઘોડામાં એક થાણું હતું ત્યાં આઠ-દસ મોટી મૂછોવાળા સિપાઈઓ પડી રહેતા. એકાદ જમાદાર પિસ્તોલવાળો હતો બાકી બધા લાંબી રાયફલોવાળા હતા, બીજા કેટલાક ફરતા રહેતા હતા. ગમે ત્યાંથી મરઘાં, દેશી દારૂ તફડાવી લાવતા. લાવીને એની મિજબાની કરતા, લોકોના ઘરોમાંથી ઉઠાવી લાવેલા ખાટલાઓમાં પડ્યા પડ્યા પેટ પર હાથ ફેરવતા(પૃ. ૪૪). આવાં અનેક વર્ણનો આંખની સામે ભજવાતાં હોય એવી રીતે સર્જકે લઘુનવલમાં આલેખ્યાં છે.

સમગ્ર લઘુનવલના કથાનકમાં હીરનો અંગ્રેજો સામેનો બળવો આલેખાયો છે. અંગ્રેજોની ગુલામ બનાવવાની માનસિકતા અને જકાત ઉઘરાવવાની નીતિ સામે એનો વિદ્રોહ હતો. પોતાના બેગુનાહ પિતાની ગોળી મારીને હત્યા કરી એની સામે વિદ્રોહ હતો. અજાણ્યા વ્યક્તિઓ પોતાના ડુંગરો પર આવીને હક્ક ચલાવતા એની સામે એનો વિદ્રોહ હતો. આ વિદ્રોહ દ્વારા જ હીર એના જેવી અનેક હીર ભેગી કરે છે. આ વિદ્રોહી સ્ત્રીઓનું ટોળું ગોધરામાં અંગ્રેજોની કોઠીએ પગપાળા પહોંચી જાય છે. અંગ્રેજ સિપાહીઓ પર રાતોરાત હુમલો કરે છે. કિલ્લો ઓળંગીને આગળ વધે છે. આ હુમલામાં અનેક

સિપાહીઓ ઘવાય છે. હીર પિતાનો દોઢ શેરના કુહાડા વડે અંગ્રેજ અધિકારી પર હુમલો કરવા જાય છે ત્યાં જ એક ગોળી હીરના હૃદયને વીંધી નાખે છે ને તે શહીદ થાય છે. અંગ્રેજ અધિકારી હીર અને બીજી પાંચ શહીદ થયેલી વીરાંગનાઓનો મૃતદેહ ગામમાં મોકલે છે. એ પછી અંગ્રેજો આ પ્રદેશને કરમાંથી મુક્ત કરે છે.

જે સમયમાં તાત્યા ટોપેએ અને રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજો સામે બળવો પોકાર્યો એજ સમયે હીર પોતાના લોકોને, વન અને ડુંગરાઓને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે લડે છે. એ સમયે આ લડાઈ હીર માત્ર સ્ત્રીઓની મદદ વડે લડે છે. આ સ્ત્રીઓ ભેગી મળીને ગોધરાના કિલ્લા પર સો કિલોમીટર ચાલીને વગર હથિયારે હુમલો કરે છે. આ વાત ઈતિહાસ માટે અને એક ભારતીય હોવાને નાતે ગૌરવ લેવા જેવી બાબત છે. પણ અફસોસની વાત એ છે કે હીરનું પાત્ર ઇતિહાસના સોનેરી પાનાઓમાં ક્યાંય સ્થાન જ ન પામ્યું. એ રીતે રાજેશ વણકરની ‘હીર’ લઘુનવલનું ઐતિહાસિક તથા સાહિત્યિક મૂલ્ય છે.